## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




સરકાર ગમે તે કરે... પરંતુ બેંક તમને મેક ઈન ઈન્ડિયાના નામે લોન આપે તો તે લોન પ્રોડક્ટ બનાવવામાં વાપરવાની... લોકોને બનાવવાનાં નહીં...!!

# કુડાસણ વિસ્તાર તસ્કર ટોળકી માટે સોફ્ટ ટાર્ગેટ..!

## સિલિકોન વેલીમાં બે બંધ મકાનના તાળા તુટયા

ગાંધીનગર, તા.૨૯ ગાંધીનગર શહેરમાં તસ્કરોને મોકળુ મેદાન મળી ગયું હોય તેવું લાગી રહ્યું છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરો ન્યું ગાંધીનગરને સરળતાથી ટાર્ગેટ બનાવી પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે ન્યું ગાંધીનગરમાં રહેતા નાગરીકોના ઘરની સલામતી સામે પણ પ્રશ્નાર્થ ઉભા થયા છે. શહેરનો નવો વિસ્તાર નિશાચરો માટે ચોરી માટે સોફ્ટ ટાર્ગેટ હોય તેવું વધતી ચોરીઓને પરિણામે લાગી રહ્યું છે.કુડાસણ વિસ્તારમાં આવેલ સિલિકોન વેલીમાં બે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યા છે. બંન્ને મકાન માલિક પ્રસંગસર બહાર ગામ હોવાથી કેટલાકની ચોરી થઈ તે મકાન માલિક આવ્યા બાદ ખબર પડશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપી રહ્યા છે. તસ્કરો માટે ગાંધીનગર સોફ્ટ ટાર્ગેટ હોય તેવું લાગી રહ્યું છે. ચોરીઓને અંજામ આપી પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. શહેર બાદ નવવિકસીત ગાંધીનગરમાં નિશાચરો પોતાની કળા કરી જાય છે.ન્યું ગાંધીનગર આવેલ ફ્લેટ, સોસાયટીઓમાં ચોવીસ કલાકની સિકયુરીટી હોવા છતા ચોરીઓ થવા પામે છે તે વાત પણ અચંબો પમાડે છે. સીસીટીવી કેમેરા અને પરીંદા પણ પર મારી શકે નહી તેવી સિકયુરીટીની વચ્ચે પણ તસ્કરો સરળતાથી ચોરી કરીને પલાયન થઈ જાય છે. ત્યારે કુડાસણ વિસ્તારમાં આવેલ સિલિકોન વેલીમાં બે બંધ મકાનના તાળા તુટવા પામ્યા છે. બાજુમાં રહેતા પાડોશીએ પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ મકાન માલિક બહાર ગામ હોવાથી કેટલાની ચોરી થઈ તે અંગે કંઈ જાણી શકાયું નથી. મકાન માલિક આવ્યા બાદ કેટલાની ચોરી થવા પામી છે તે જાણી શકાશે.

# છાલા સામૂહિક આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય કક્ષાનો કાયાકલ્પ એવૉર્ડ

ગાંધીનગર, તા. ૨૯ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨જી ઓક્ટોબર ૧૯૧૪થી શરૂ કરાયેલા સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા શ્રેષ્ઠ સામૂહિક આરોગ્ય કેન્દ્રની કાયાકલ્પ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

આ પસંદગીના ઉત્કૃષ્ઠ ધોરણોમાં અલગ અલગ ત્રણ તબક્કે થતી પસંદગીમાં સૌથી વધુ ગુણ મેળવનાર આરોગ્ય કેન્દ્રને આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે. જે અંતર્ગત ગત વર્ષ ૨૦૧૫-૧૬માં સામૂહિક આરોગ્ય કેન્દ્ર છાલાને સર્વાધિક ગુણ સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે.

આ અંગે છાલા સામૂહિક આરોગ્ય કેન્દ્રના સિનિયર મેડીકલ ઓફીસર ડૉ. અનિલ ચૌવાણનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે આ એક આનંદની અને આત્મસંતોષની પળ છે. કોઈપણ ભગીરથ કાર્ય સબળ જન સહકાર વગર શક્ય નથી. આ એવોર્ડનું શ્રેય અસીમ પ્રેમ આપતા છાલા ગામના ગ્રામજનો તેમજ દિન-રાત સતત કાર્યરત સામૂહિક આરોગ્ય કેન્દ્રની સમગ્ર ટીમને જાય છે.

વરસો પહેલા જયારે આ વિસ્તાર આરોગ્ય સેવાથી બિલકુલ વંચીત હતો ત્યારે ગામના જ કેટલાક યુવાનોએ અહીં નાનકડુ આરોગ્ય કેન્દ્ર ખોલવા માટેનું બીડુ ઝડપ્યુ હતુ. આ માટે આર્થિક ભંડોળ એકઠુ કરવા તેઓએ એક શેરી નાટક મંડળી સ્થાપી આ નાટક મંડળીમાં આવેલા ભંડોળ ઉપરાંત કેટલુંક દાન મળ્યુ અને જમીન દાનમાં મળતાં જ અહી નાનકડુ દવાખાનુ શરૂ કર્યુ.



સરકારના ભગીરથ પ્રયત્નોથી એ નાનકડુ બીજ આજે વટવૃક્ષ બની ચુક્યુ છે. ઈ.સ. ૨૦૦૦ની સાલમાં પંદર દર્દીઓની સરેરાશ ધરાવતા આ કેન્દ્રમાં આજે રોજના અઢીસો ઉપરાંત દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

આ એક એવુ વિશિષ્ટ દવાખાનુ છે કે અહીં આજ દિવસ સુધી કોઈપણ પ્રકારનો યુજર્સ ચાર્જ કે ટોકન ચાર્જ કોઈપણ સેવા માટે લેવામાં આવ્યો નથી.

મુખ્યમંત્રી નિદાન યોજના અન્વયે અહીં તમામ પ્રકારની લેબોરેટરી ઉપરાંત અદ્યતન સાધનોથી સજ્જ ફીઝીયોથેરાપી વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આ કેન્દ્રને કાયાકલ્પ એવોર્ડ મળતાં જ સમગ્ર વિસ્તારમાં ગૌરવની લાગણી પ્રસરી છે. હવે આવનાર પ્રજાસત્તાક દિને આ સામૂહિક કેન્દ્રને રૂ. એક લાખ રોકડા તથા એક પ્રશસ્તી પત્ર એનાયત કરવામાં આવનાર છે.



## જેસીઆઈ દ્વારા ધોળાકૂવામાં પલ્સ પોલિયો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોમાં વિશેષ પલ્સ પોલિયો બુથ ઉભા કરવામાં આવ્યા હતા ત્યારે ગાંધીનગર નજીક ધોળાકુવા ગામ ખાતે જેસીઆઈ ગાંધીનગર દ્વારા પલ્સ પોલિયો કાર્યક્રમ યોજાયો હતો. જેસીઆઈ ગાંધીનગર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુકત ઉપક્રમે ધોળાકુવા ગામના ૬૪૧ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી. જેમાં જેસીઆઈના સભ્યો કેતન ભાવસાર, ફાલ્ગુની, ભૂમિકા, કાજલ, માનુચી, જાહન્વી તથા ગૌરવે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગ ઉપસ્થિત ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર શહેર ભાજપ મહામંત્રી પંકજ ઠાકોર, ડૉ. દિનેશ બારોટ, મેઘાજી ઠાકોર, અમાતજી ઠાકોર, જોહાજી ઠાકોર, વિહાજી ઠાકોર તેમજ આંગણવાડીના સભ્યોનો જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ આભાર વ્યકત કર્યો હતો.

# એસ.ટી.ડેપો પાછળ કારની અડફેટે મૃત્યુ પામનાર પ્રૌઢાની ઓળખ થઈ

ગાંધીનગર એસટી ડેપોના પાછળના માર્ગ પર કારની અડફેટે મૃત્યુ પામનાર પ્રૌઢાના વાલી વારસ અંગે સે-૭ પોલીસે ઓળખવિધી માટે તજવીજ હાથ ધરી હતી.જેમાં પોલીસે મોબાઈલના વિવિધ ગ્રુપમાં મેસેજ મોકલીને ઓળખ થાય તે દિશામાં પ્રયત્નો કર્યા હતા જેમાં પોલીસને સફળતા મળી હતી. મૃતક પ્રૌઢાનું નામ ચંદાબેન ભવાનજી ઠાકોર હતું. તે દહેગામ નજીક આવેલ નવાપુર ગામના વતની હતા અને તેઓ ગાંધીનગર નજીક આવેલ આદરજ ગામે પોતાના પીયર જતા હતા. ત્યારે આ બનાવ બનવા પામ્યો હતો.

ગાંધીનગર એસ.ટી.ડેપો પાછળના માર્ગ પરથી બે દિવસ અગાઉ ચાલતા જઈ રહેલી એક પ્રૌઢાને એક ઈયોન કારે અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં ઈજા પામેલ પ્રૌઢાને તાત્કાલીક ગાંધીનગર અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પરંતુ આ પ્રૌઢાનું સારવાર દરમિયાન જ ગંભીર ઈજાને કારણે મૃત્યુ થયા પામ્યું હતું. આ પ્રૌઢાની ઓળખ જે તે સમયે થઈ શકી નહોતી. સે-૭ પોલીસે પ્રૌઢાની ઓળખવિધી માટે ચક્રો ગતિમાન કર્યા હતા. અત્યારના મોબાઈલ યુગમાં વિવિધ ગ્રુપમાં વોટસએપ પર મેસેજ મોકલવામાં આવતા આ પ્રૌઢાની ઓળખ થઈ જવા પામી હતી. જેમાં મૃત્યુ પામનારનું નામ ચંદાબેન ભવાનજી ઠાકોર અને દહેગામના નવાપુરના વતની હતા. તેઓ દહેગામથી પોતાના પીયર આદરજ જવા માટે નીકળયા હતા. અને એસ.ટી સ્ટેન્ડના પાછળના માર્ગ પરથી બહાર નીકળતા જ ગાડીની અડફેટે આવી જતા અકસ્માત સર્જાતા ગંભીર ઈજાને કારણે ચંદાબેનનું સારવાર દરમિયાન પ્રાણપંખેરુ ઉડી ગયું હતું.

## ડભોડા ખાતે વાત્સલ્યદિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯ આઈસીડીએસ યોજના હેઠળ ડભોડા ગામની આંગણવાડીઓમાં 'વાત્સલ્યદિન'ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સગર્ભા અને ધાત્રી બહેનોને આરોગ્ય, પોષણ શિક્ષણ, સ્વચ્છતા જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. 'બેટી બચાવો બેટી પઢાઓ' વિષય અંતર્ગત 'વાત્સલ્ય દિન'ની ઉજવણી કરવામાં આવેલ હતી.

જેમાં ડભોડા ગામના મહિલા સરપંચ, ઉપસરપંચ, ગાંધીનગર તાલુકા પંચાયતના ડભોડના મહિલા સદસ્યો, જિલ્લા પંચાયત ગાંધીનગરના મહિલા અને બાલ કલ્યાણ સમિતિના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા. બાળ વિકાસ યોજના અધિકારી શૈલાબેન શાહ અતિથિ વિશેષ તરીકે હાજર રહી મહિલાઓને પ્રોત્સાહક પ્રવચન પુરૂ પાડેલ. તપોવન સંસ્થાના સંગીતાબેન, મનુબેન દ્વારા મહિલાઓને 'સગર્ભાવસ્થાના શિક્ષણ' પર ખૂબ જ રસપ્રદ માહિતી ગીત-સંગીત પ્રવૃત્તિ દ્વારા આપવામાં આવેલ. આઈસીડીએસ યોજનામાં કો.ઓર્ડિનેટર સ્મિતાબેન પટેલ, આંગણવાડી કાર્યકરો, તેડાગરો, સહિત ડભોડા ગામની મહિલાઓએ ખુબ ઉત્સાહથી વાત્સલ્યદિનની ઉજવણીમાં ભાગ લીધેલ હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સફળ સંચાલન આઈસીડીએસ સુપરવાઈઝર અંજના પટેલે કર્યુ હતુ.

## યુથ હોસ્ટેલ દ્વારા મરીન કેમ્પ યોજાશે

યુથ હોસ્ટેલ એસોસિએશન ગાંધીનગર દ્વારા તા. ૧૦, ૧૧, ૧૨ ફેબ્રુઆરી દરમિયાન બેટ દ્વારકા ખાતે મરીન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં સામુદ્રિક જીવસૃષ્ટિ વિષે જાણકારી આપવામાં આવશે. સાથે સાથે બીચ-કોમ્બીંગ, સી-બાથ, કેસલ મેકીંગ, ડોલ્ફીન-વોચ, સ્ટાર ગેઝીંગ, કેમ્પ ફાયર અને અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. ભાગ લેવા ઈચ્છતા મિત્રોએ સત્વરે ૯૪૨૬૪૦૧૭૦૧-ચૈતન્ય નિમાવત અથવા ૯૮૯૮૫ ૭૦૯૭૫-જે.બી.સાધુનો સંપર્ક કરવા જણાવાયું છે.

## દહેગામની અંતોલી ગામની શાળામાં નિશાચરોનો હાથફેરો

ગાંધીનગર, તા.૨૯ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના અંતોલી ગામની પ્રાથમિક શાળામાં ગતરાત્રીના સુમારે તસ્કરો ત્રાટકયા હતા. શાળાના કોમ્પ્યુટર લેબ રુમના તાળા તોડીને અજાણ્યા ચોર ઈસમો બે એલસીડી કોમ્પ્યુટરની ચોરી કરી ગયા છે.

ગાંધીનગર જિલ્લાને તસ્કરો ઘમરોળી નાંખ્યું છે. તસ્કરો પહેલા તો રાત્રીના અંધકરમાં ત્રાટકીને ચોરીને અંજામ આપતા હતા. પરંતુ હવે તો જાણે પોલીસનો ડર રહ્યો ના હોય તેવું સ્પષ્ટપણે લાગી રહ્યું છે. ત્યારે દહેગામમાં પણ તાજેતરમાં ફલેટમાં રહેતા વસાહતીઓના ઘરના તાળા તોડીને તસ્કરો માલમતા લઈને પલાયન થઈ ગયા હતા. પોલીસની ઉંઘ છેલ્લા ઘણા સમયથી દહેગામમાં પણ તસ્કરોએ ઉડાડી દીધી છે. પોલીસ તંત્ર તસ્કરોને પકડવા કમરકસી રહ્યુંછે.ત્યારે દહેગામ નજીક આવેલ અંતોલી ગામની પ્રાથમિક શાળામાં રાત્રીના સમયે નિશાચરો કળા કરીને બે કોમ્પ્યુટરની ચોરી કરીને રફુચક્કર થઈ ગયા છે. શાળાના બંધ રહેલી કોમ્પ્યુટર લેબ રુમના તાળુ તોડીને અંદર પ્રવેશી બે એલસીડી કોમ્પ્યુટરની ચોરી થવા પામી છે.

# મિશન રાજ્યસભા : વિધાનસભાની ચૂંટણી પહેલાં ૩ અને પછી ૪ બેઠકો ખાલી પડશે

ગુજરાતને ફાળવવામાં આવેલી રાજ્યસભાની કુલ ૧૧ બેઠકો પૈકી ભાજપ પાસે નવ અને કોંગ્રેસ પાસે બે બેઠકો છે. ભાજપના હાલના રાજ્યસભાના જે નવ સભ્યો છે તેમાં ચાર કેન્દ્રીય મિનિસ્ટર છે અને તેઓ બે વર્ષમાં નિવૃત્ત થવાના છે. ઓગષ્ટ ૨૦૧૭માં નિવૃત્ત થનારા ભાજપના સભ્યોમાં સ્મૃતિ ઈરાની અને દિલીપ પંડ્યા તેમજ કોંગ્રેસમાં અહમદ પટેલ છે, જ્યારે એપ્રિલ ૨૦૧૮માં ભાજપના ચાર સભ્યો- અરૂણ જેટલી, શંકર વેગડ, પરસોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાનો સમાવેશ થાય છે. એટલે કે વિધાનસભાની ચૂંટણી પહેલાં રાજ્યસભામાં ત્રણ સભ્યોને અને ચૂંટણી પછી ચાર સભ્યોને મોકલવાના થાય છે. વિધાનસભાની ચૂંટણીમાં જો કોંગ્રેસની બેઠકો વધે તો ૨૦૧૮ના રાજ્યસભા ઈલેકશનમાં કોંગ્રેસને રાજ્યસભાની બે બેઠકો મળી શકે તેમ છે જે ભાજપને સીધું નુકશાન છે.

## લોકોમાં ભલે ન હોય, સચિવાલયમાં કોંગ્રેસ જીવે છે, જરા સંભાળજો ...

**સચિવાલયમાં કોંગ્રેસ હજી જીવે છે...**

સચિવાલયના વિભાગોમાં હજી કોંગ્રેસ જીવે છે તેવું કહી શકાય તેમ છે, કારણ કે કોંગ્રેસના કેટલાક નેતાઓ પ્રજાકીય ઓછાં પરંતુ પર્સનલ કામો વધુ લઈને આવી રહ્યાં છે. ચૂંટણીની મોસમ આવી રહી છે ત્યારે નોટબંધીમાંથી મુક્ત થવાનો આ બેસ્ટ ઈલાજ કોંગ્રેસના નેતાઓને લાગી રહ્યો છે. સત્તામાં નથી પણ વિપક્ષમાં છીએ એટલે સચિવાલયના આંટાફેરા કરીએ છીએ- તેઓ જવાબ એક ધારાસભ્યએ આપ્યો હતો. અમારા પણ દિવસો હતા કે જ્યારે અધિકારીઓ અમને પૂછીને પાણી પીતા હતા, હવે ભાજપનો વારો છે. તેમને પૂછીને નિર્ણય કરે છે પરંતુ હાલ અમિત શાહની નજર કોંગ્રેસના વિજયી થયેલા ધારાસભ્યો પર છે તેથી સચિવાલયમાં તેમના કોઈ કામ રોકવા નહીં તેવી સૂચના આપી દેવામાં આવી હોવાથી કોંગ્રેસ સચિવાલયમાં હજી જીવે છે...

**અમારા કામ થતાં નથી, મૂળ તો શોધો...**

ઉદ્યોગજૂથો અને સામાન્ય મુલાકાતીઓની એવી ફરિયાદ હોય છે કે સચિવાલયમાં અમારા કામ થતાં નથી. અમારે દર સપ્તાહે ધક્કા ખાવા પડે છે. આવું કેમ થાય છે?.. તેવો એક સવાલ સિનિયર ઓફિસરને કર્યો તો જવાબ મળ્યો કે- મિનિસ્ટર લેવલથી ફાઈલ આવે છે જે નીચલા સ્તરે જાય છે ત્યારે વિભાગમાં ફરજ પર રહેલા અધિકારીની ઓફિસમાં તે જીવંત થાય છે અને નોટીંગ એવું લખાય છે કે જેમાં વિભાગના વડા અને વિભાગના મિનિસ્ટરની પેન પણ સહી કરતાં ખચકાય છે. કર્મયોગી એવા વિભાગના કાબેલ ઓફિસરોને જ્ઞાન આપનારા સુપ્રિમો હાલ દિલ્હીમાં જઈને બેઠાં છે પછી ફાઈલનો નિકાલ ક્યાંથી આવે... ઉપરની સૂચનાનું પાલન નીચે સુધી થવું જોઈએ પરંતુ વચ્ચે અવરોધ આવી જતા હોય છે અને ફાઈલ ટલ્લે ચઢી જતાં ધક્કા ખાવાની આદત રાખવી પડશે.

**અહીં કાબિલ પણ છે અને રઈસ પણ છે...**

સચિવાલયમાં પણ બોલીવુડ ધૂમ મચાવે છે. વિભાગોમાં કેટલાક ઓફિસરો કાબિલ પણ છે અને રઈસ પણ છે. કોણ શું છે તે ગોપનિય છે પરંતુ એવા પણ કેટલાક ચહેરા છે કે જેમની હાલત દંગલ જેવી થાય છે. દિકરીઓને સ્પોર્ટ્સમાં ગોલ્ડ મેડલ મળે તે માટે આમિરખાન મહેનત કરે છે એવી જ મહેનત સચિવાલયના કેટલાક કર્મચારીઓ તેમના સંતાનો માટે કરી રહ્યાં છે. ગુજરાત સરકાર ખેલ મહાકુંભ યોજે છે પરંતુ જે કર્મચારીઓના સંતાનો પરસેવો પાડીને તેમની સ્પોર્ટ્સ એક્ટિવિટીમાં અગ્રતાક્રમ ધરાવે છે તેમને સ્પોર્ટ્સ વિભાગમાંથી જાકારો મળે છે. સ્ટેટલેવલ કે રાષ્ટ્રીય લેવલે પહોંચવાની ક્ષમતા ધરાવતા કેટલાય સંતાનોના સપનાં ચૂર થતાં સચિવાલયે જોયાં છે અને તેમના પિતા- દંગલના આમિરખાનની માફક સંઘર્ષ કરતા રહે છે...




**રૂપાણી- કુછ યાદ હૈ, કુછ ભૂલે હૈ હમ...**

ગુજરાત સરકારની હાલત અત્યારે એવી છે કે તે નવી યોજના લાગુ કરી શકતી નથી અને જૂની પુરી કરી શકતી નથી. મોદીએ એટલી બધી જાહેરાતો કરી દીધી છે કે નવી સરકાર માટે નવી યોજનાઓનું સંકટ સર્જાયું છે. લોકોપયોગી યોજનાઓ હવે કઈ કઈ આવી શકે તેમ છે તેની યાદી માગવામાં આવી હતી પરંતુ તેના પ્રત્યુત્તરમાં જૂની યોજનાઓ નવા નામે રજૂ કરવી પડે તેવી હાલત છે. મોદીએ છેલ્લે ૨૦૧૨ની ચૂંટણીમાં દિવ્ય અને ભવ્ય ગુજરાતની કલ્પનામાં જે સૂત્રો મૂક્યા છે અને જે યોજનાઓ વહેતી મૂકી છે તેને હાલની સરકાર પૂરી કરવા જાય તો તેના માટે એક નહીં ત્રણ ત્રણ વિધાનસભાની ચૂંટણી જીતવી પડે તેમ છે. કેટલીક યોજનાઓ તો આનંદીબહેન પટેલની સરકાર ભૂલી ગઈ હતી જેને હાલ તાજી કરવામાં આવી રહી છે. વિજય રૂપાણીની સરકારમાં હાલ ભાજપના પ્રદેશ નેતાઓ મોદીએ તેમના શાસનના ૧૨ વર્ષમમાં રજૂ કરેલી યોજનાઓનું લિસ્ટ લઈને બેઠાં છે અને હિસાબ કિતાબ કરી રહ્યાં છે.

## કાબિલ, રઈસ અને દંગલ જેવા કેરેક્ટર સચિવાલયમાં પણ મોજૂદ...

**વિજયભાઈ, તમારા સાથીઓ કેમ પછાત...**

ડિજીટલ ગુજરાતની વ્યાખ્યા ઓફિસરોને લાગુ પડી છે પરંતુ મિનિસ્ટર અને ધારાસભ્યોને તે લાગુ પડી લાગતી નથી, કારણ કે ગુજરાતની બ્યુરોક્રેસીમાં અજય ભાદુ, પંકજકુમાર અને વિજય નહેરા જેવા ઓફિસરો ટ્વિટર અને ફેસબુકના માધ્મથી ઓનલાઈન જોવા મળે છે પરંતુ બે ત્રણ મિનિસ્ટરોને બાદ કરતાં મોટાભાગના મિનિસ્ટરો ઓફલાઈન છે. જે મિનિસ્ટરો ઓનલાઈન છે તેમાં શંકર ચૌધરી રિપ્લાયેબલ છે, બાકીના મિનિસ્ટરોએ આઈટીના નિષ્ણાંતો રાખ્યા છે તેથી તેઓના એકાઉન્ટ અનુત્તર રહે છે. ચીફ મિનિસ્ટર વિજય રૂપાણી ઓનલાઈન છે પરંતુ સોશ્યલ મિડીયાના મિત્રોની કોઈ ફરિયાદ કે સૂચનનો પ્રત્યુતર મળતો નથી. ટ્વિટર અને ફેસબુક એકાઉન્ટ જાતે મેનેજ કરનારા નેતાઓ ગુજરાતમાં બહુ ઓછા છે. બીજી તરફ કેન્દ્ર સરકારના વિભાગોના મિનિસ્ટરો તેમજ ઓફિસરો સતત અપડેટ્સ આપતા રહે છે, કોઈ ફરિયાદ હોય તો તેનું નિરાકરણ લાવે છે. ફરિયાદ મુજબ એક્શન લેવામાં કેન્દ્રીય મહિલા પ્રધાન સુષ્મા સ્વરાજ ટોચક્રમે છે.

## ભાજપની સરકાર- કુછ ભૂલે હમ, કુછ ભૂલે વો, પર મોદી દેખતે હૈ ...

**અખિલેશની લોકપ્રિયતાની કસોટી થશે...**

દેશમાં પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી છે પરંતુ કેન્દ્રસ્થાને ઉત્તરપ્રદેશની ચૂંટણી છે, કારણ કે આ એક જ રાજ્ય એવું છે કે નરેન્દ્ર મોદીને રાજ્યસભામાં અગ્રીમ હરોળનું સ્થાન અપાવી શકે છે. હાલ મોદી માટે લોકસભામાં બહુમતિ છે પરંતુ રાજ્યસભામાં નથી, પરિણામે સરકારના બીલો સરળતાથી મંજૂર થઈ શકતા નથી. ઉત્તરપ્રદેશ ભાજપ માટે જેટલું મહત્વનું છે તેટલું જ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ માટે જીતવું જરૂરી છે. ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ લોકપ્રિય નેતા છે. કહેવાય છે કે તેમની પાર્ટીને સૌથી વધુ મતો મળશે અને તેઓ સિંગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે બહાર આવશે, અખિલેશની લોકપ્રિયતાની આ વખતે કસોટી છે. જો તેઓ સફળ રહ્યાં તો દિલ્હીમાં તેમનું વજન વધી શકે છે. પરંતુ ભાજપને મોદીના કરિશ્માનો ઈન્તજાર છે. ગુજરાતમાં જેવો કરિશ્મા થાય છે તેવો કરિશ્મા ઉત્તરપ્રદેશમાં થાય તેવું ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ઈચ્છી રહ્યાં છે.

**રામ મંદિર ભાજપને તારશે કે ડૂબાડશે...**

ચૂંટણી ચાહે ગુજરાતમાં હોય કે ઉત્તરપ્રદેશમાં- પ્રચારના છેલ્લા તબક્કા સુધી મોદીનું મન કળી શકાતું નથી. હાલ તો અમિતભાઈ રામ મંદિરનો મુદ્દો લઈને આગળ આવ્યા છે અને તેમને આશા છે કે આ મુદ્દો ભાજપની ઝોળીમાં મતોના ઢગલા ખડકશે, પરંતુ રાજકીય પંડિતો તેને ભાજપનો જુગાર માને છે. ઉત્તરપ્રદેશની જનતા રામમંદિર બાંધવાનો વાયદો કરવાથી મતો આપી દેવાની નથી. ભાજપે રાજ્ય માટે કેટલાક મહત્વના વિકાસ એજન્ડા રાખવા પડે તેમ છે. બીજી તરફ અખિલેશ યાદવ યુવા નેતા છે. સમાજવાદી પાર્ટીમાં વિખવાદ છતાં તેઓ લોકપ્રિયતામાં ટોચક્રમે છે. એક સમીક્ષક કહે છે કે કોંગ્રેસઅને સમાજવાદી પાર્ટીનું ચૂંટણી પહેલાં જોડાણ થયું છે પરંતુ જો તેઓને સત્તામાં આવી શકે તેટલી બેઠકો ન મળે તો ભાજપ અને બહુજન સમાજ પાર્ટી ચૂંટણી પછી ગઠબંધન કરી શકે છે. હાલ આ મુદ્દા પર બન્ને પાર્ટીઓ મૌન છે.

**બજેટ જવા દો, પછી આપણું ઠેકાણું બદલાશે...**

ગુજરાતનું બજેટ સત્ર ૨૦મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યું છે ત્યારે હાલ કોઈ ઓફિસરોની બદલી થઈ શકે તેમ નથી પરંતુ બજેટ સત્ર પછી રાજ્યના વહીવટી તંત્રમાં મોટાપાયે બદલીઓ તોળાઈ રહી છે. ચૂંટણી પૂર્વેની આ બદલીઓમાં વિભાગોના વડા, બોર્ડ-કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ, જિલ્લાના વહીવટી વડાઓ તેમજ પોલીસમાં ઉચ્ચ અધિકારીઓ નિશાના પર છે. જો કે બદલીના આ દોરમાં હાઈકમાન્ડની મંજૂરી લેવામાં આવે તેવી પુરેપુરી સંભાવના છે. આ બદલીઓ સંપૂર્ણપણે ચૂંટણીલક્ષી હોવાનું માનવામાં આવે છે. હાલ તો ક્યા ઓફિસરને ક્યા પોસ્ટીંગ આપવું અને ક્યા ઓફિસરને ક્યાંથી ખસેડવા એ અંગેની યાદી તૈયાર કરવામાં આવી રહી છે.

**સરકારના બજેટમાં આમઆદમી હશે ખરો...**

ગુજરાત સરકાર બજેટ મોડ પર આવી ગઈ છે. આ વખતના બજેટમાં સાડા છ કરોડની જનતા માટે કરબોજ નહીં હોય પરંતુ આવકના નવા સાધન ઉભા કરવા કેટલાક ટેક્સ નાંખવાની સરકારને ફરજ પડે તેવું માનવામાં આવે છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ- જીએસટી- ને હજી વાર છે ત્યારે વેલ્યુ એડેડ ટેક્સથી ચલાવવું પડે તેમ છે, જો કે બજેટમાં જીએસટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નોટબંધી પછી રજૂ થનારા પહેલા બજેટમાં વચનો અને રાહતોની ભરમાર હોવાનું પણ દેખાઈ રહ્યું છે. હાલ સચિવાલયના વિભાગોમાં બજેટની જોગવાઈઓ અને નવી યોજનાઓ અંગેની ચર્ચા ચાલી રહી છે. કેન્દ્રિય બજેટ પછી ગુજરાતનું બજેટ રજૂ થવાનું હોવાથી કેન્દ્રની કેટલીક નવી સ્કીમોને ગુજરાતમાં સમાવવામાં આવી શકે છે. અલબત્ત, નાણાં વિભાગના એક અધિકારી કહે છે કે ગુજરાતની જનતા માટે ફુલગુલાબી બજેટ રજૂ થશે.